# આકાશવાણી-ભુજ

## સમાચારવાચક : નેહલ ઠક્કર

## કોમ્પ્યુટરાઈઝડ : સુચિતા ટાંક

**તારીખ-૨૭-૦૯-૨૦૨૪** **સમય-સાંજે-૬.૨૫**

---

## મુખ્યમંત્રી-ગરીબ કલ્યાણ મેળો :

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે બનાસકાંઠા જિલ્લાના ડિસામાં રાજ્યવ્યાપી ગરીબ કલ્યાણ મેળાનો આરંભ કરાવ્યો હતો.

આ પ્રસંગે મુખ્યમંત્રીના હસ્તે ગરીબ કલ્યાણ મેળાના લાભાર્થીઓને સીધો લાભ અપાયો હતો.મુખ્યમંત્રીના હસ્તે ગરીબ કલ્યાણ મેળા દ્વારા 45.80 કરોડ રૂપિયાના યોજનાકીય લાભોનું લાભાર્થીઓને વિતરણ કરાયું હતું.

**RNU અમદાવાદ**

---

## ભુજ-ગરીબ કલ્યાણ મેળો :

આજ રોજ ભુજ ટાઉનહોલ ખાતે આયોજીત ૧૪માં તબક્કાનો ગરીબ કલ્યાણ મેળો જિલ્લા પંચાયત પ્રમુખ જનકસિંહ જાડેજાના અધ્યક્ષસ્થાને યોજાયો હતો.જેમાં તેમણે જણાવ્યું હતું કે, આ મેળો અનેક ગરીબોના જીવનમાં ઉજાસ લાવશે અને ગરીબ કલ્યાણ મેળાના માધ્યમથી લોકોને સ્વરોજગાર, આરોગ્ય, મકાન સહિતના અનેક હેતુ માટે સાધન-સહાય તથા આર્થિક સહાય આપવામાં આવી રહી છે.

ભુજ ખાતેના મેળામાં ૧૦ તાલુકાના ૪૭ હજાર ૪૫૯ લાભાર્થીઓને રાજય સરકારના પારદર્શક વહીવટ થકી સીધો લાભાર્થી સુધી તેનો લાભ પહોંચશે.

આ પ્રસંગે ભુજના ધારાસભ્ય કેશુભાઇ પટેલે જણાવ્યું હતું કે, ગરીબ કલ્યાણ મેળો ગરીબોને સ્વાવલંબી તથા આત્મનિર્ભર બનાવવા સહભાગી બની રહ્યો છે.કાર્યક્રમમાં લાભાર્થીઓને મહેમાનોના હસ્તે સાધન-સહાય તથા ચેકનું વિતરણ કરવામાં આવ્યું હતું.

**માહિતી ખાતું**

---

## વિશ્વ પ્રવાસન દિવસ :

આજે વિશ્વ પ્રવાસન દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે. આ દિવસનો ઉદ્દેશભાવિ પેઢીઓ માટે વધુ ટકાઉ અને સમાન પ્રવાસન ઉદ્યોગને પ્રોત્સાહન આપવાનો છે.

રાજ્યમાં ગત વર્ષ 2023-24માં કુલ 18 કરોડ 59 લાખથી વધુ પ્રવાસીઓ ગુજરાતના મહેમાન બન્યા છે તેમ, પ્રવાસન મંત્રી મુળુ બેરાએ જણાવ્યું છે.તેમાં 17 કરોડ 50 લાખ સ્થાનિક પ્રવાસીઓ તેમજ 23 લાખ 43 હજાર વિદેશી પ્રવાસીઓનો સમાવેશ થાય છે.ગયા વર્ષની સરખામણીએ વર્ષ 2023-24માં ગુજરાતમાં આવતા પ્રવાસીઓની સંખ્યામાં 24 ટકાનો નોંધપાત્ર વધારો થયો છે.

**RNU અમદાવાદ**

---

## કચ્છ-નગરપાલિકા અને ગ્રામ્ય કક્ષાએ સફાઈ :

“સ્વચ્છતા હી સેવા" અભિયાન અંતર્ગત આજરોજ કચ્છમાં નગરપાલિકા તથા ગ્રામ્ય કક્ષાએ જાહેર સ્થળોની સાફ સફાઇ હાથ ધરાઇ હતી.

સફાઇ અભિયાન હેઠળ જીલ્લામાં શહેર તથા ગ્રામ્યકક્ષાએ શાકમાર્કેટ,ખાણી-પીણી માર્કેટ,ઢાબા,રેસ્ટોરન્ટ,લોજ વગેરેની સાફ-સફાઇ હાથ ધરી કચરાનો વૈજ્ઞાનિક ઢબે નિકાલ કરાયો હતો.નગરપાલિકા ક્ષેત્રોમાં સ્થાનિક વેપારીઓ, ફેરીયાઓ, સ્ટ્રીટ

ફુડ વિક્રેતાઓ વગેરેને સુકા-ભીના કચરાના નિકાલ માટે તથા તેના વ્યવસ્થાપન અંગે સમજ આપવામાં આવી હતી. ઉપરાંત સામૂહિક શૌચાલયની સફાઇ હાથ ધરાઇ હતી.

અંજાર, ભુજ,માંડવી તથા વરસાણા, મોટી ભુજપુર, વવાર, પડાણા વગેરે ગામમાં સામૂહિક સફાઇ અભિયાન હાથ ધરાયું હતું.

**માહિતી ખાતું**

---

## જીલ્લા ગ્રામ વિકાસ એજન્સી :

જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નેજા હેઠળ દરેક તાલુકામાં આરોગ્ય વિભાગ દ્વારા 'સ્વચ્છતા હી સેવા ૨૦૨૪' અતર્ગત કચ્છ જિલ્લાના સફાઈ મિત્રો માટે તાલુકાકક્ષાએ સફાઈ મિત્ર સુરક્ષા શિબિર યોજાઇ હતી.સફાઇ કર્મચારીઓની તંદુરસ્તીને ધ્યાનમાં લઇને યોજાયેલી આરોગ્ય શિબિરમાં સફાઇ મિત્રોનું મેડીકલ હેલ્થ ચેકઅપ તેમજ તેમને આરોગ્ય વિષયક માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

**માહિતી ખાતું**

---

## કોઠારા-કૃષક સ્વર્ણ સમૃદ્ધી અઠવાડિયું :

"કૃષક સ્વર્ણ સમૃદ્ધિ અઠવાડિયું" અંતર્ગત વિભાગીય સંશોધન કેન્દ્ર કોઠારા ખાતે કિસાન શિબિર યોજાઇ હતી.આ શિબિરમાં ભાગ લેનાર ખેડૂતોને ફિલ્ડ વિઝીટ દ્વારા, કેન્દ્ર મુકામે ચાલતા પ્રયોગ, શુષ્ક વિસ્તારના અલ્પ વપરાશી અને ઉપેક્ષીત પાકો વિશે વિસ્તૃત સમજણ પુરી પાડવામાં આવી હતી.કેન્દ્રની મુલાકાત બાદ યોજાયેલા કાર્યક્રમમાં કેન્દ્રના વડાએ ખેડૂતોને જમીન અને પાણીના નમૂનાની ચકાસણી કરાવવા, કૃષિ વિષયક માર્ગદર્શન તેમજ નિદર્શનોનો લાભ લેવા માટે પણ અપીલ કરી હતી.

**માહિતી ખાતું**

-----------------------------------------------------------------------------------------

## ભૂકંપનો આંચકો :

વાગડ વિસ્તારમાં ભૂકંપના આંચકનો સીલસીલો સતત યથાવત રહેવા પામ્યો છે.આજે સવારે 6 ને 27 મિનિટે 2.7ની તિવ્રતાનો આફ્ટરસોક ગાંધીનગર સ્થિત સિસમોગ્રાફી કચેરી ખાતે નોંધાયો હતો.જેનું કેન્દ્રબિંદુ રાપર તાલુકાના કંથકોટ ગામ નજીક નોંધાયું હતું.

**NP-નેહલ ઠક્કર**

-----------------------------------------------------------------------------------------

## ભુજ-યોગ શિબિર :

ગુજરાત રાજ્ય યોગ બોર્ડ કચ્છ જિલ્લા દ્વારા આગામી તા.29 સપ્ટેમ્બરના દિવસે વિશ્વ હૃદય દિવસ નિમિત્તે ભુજમાં સવારે 7થી 8-30 વાગ્યા દરમ્યાન ભાનુશાલી સમાજવાડી ભારતનગર ખાતે યોગ શિબિરનું આયોજન કરાયું છે.આ યોગ શિબિરનો ઉદ્દેશ લોકોના માનસિક અને શારીરિક સ્વાસ્થ્યની સાથેસાથે આવનારી પેઢીમાં યોગ અંગે જાગૃતતા આવે અને લોકો યોગ કરતા થાય તે છે, હાલની ચાલી રહેલી હૃદય રોગને સંબંધિત જાગૃતતા,ઉપાયો અને તેને યોગ થકી અટકાવવા માટેનો છે, એવું યોગ કોચની યાદીમાં જણાવાયું છે.

**NP-નેહલ ઠક્કર**

-----------------------------------------------------------------------------------------